# GPSCમાં રાષ્ટ્રીય કટોકટી અને ગગનયાન પર પ્રશ્નો પૂછાયા

**રાજ્યમાં** 75 હજારમાંથી 59 હજાર ઉમેદવારોએ પરીક્ષા આપી

**સરેરાશ** હાજરી 79 ટકા, સુરતની હાજરી 79.37 ટકા

સુરતઃ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી) દ્વારા ક્લાસ-1 અને ક્લાસ-2ની 260થી વધુ જગ્યાઓ માટે યોજાયેલી પ્રીલિમ્સ પરીક્ષા રાજ્યભરમાં શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઇ હતી. પરીક્ષા માટે નોંધાયેલા 75 હજારથી વધુ ઉમેદવારોમાંથી 59 હજારથી વધુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે રાજ્યમાં અંદાજે 79 ટકા હાજરી નોંધાઇ હતી.

સુરત ખાતે નિર્ધારિત પરીક્ષા કેન્દ્રોમાં નોંધાયેલા 7,103 ઉમેદવારોમાંથી 5,638 ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે સુરતમાં 79.37 ટકા હાજરી નોંધાઇ હતી, જે રાજ્યની સરેરાશ હાજરીની આસપાસ રહી હતી.પરીક્ષા આપીને બહાર આવેલા ઉમેદવારોના જણાવ્યા મુજબ, પ્રશ્નપત્રનું સ્તર સરળથી મધ્યમ (ઈઝી ટુ મોડરેટ) રહ્યું હતું. હવે ઉમેદવારોની નજર જીપીએસસી દ્વારા જાહેર કરવામાં આવનારી પ્રોવિઝનલ આન્સર કી અને પરિણામ પર ટકેલી છે.

જીપીએસ કોચિંગ નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ વખતની જીપીએસસી ક્લાસ-1 અને ક્લાસ-2 પ્રિલિમ્સ પરીક્ષાનું પ્રશ્નપત્ર સંતુલિત અને સરળથી મધ્યમ કક્ષાનું રહ્યું હતું. પ્રશ્નપત્રમાં કેન્દ્રીય સતર્કતા આયોગ, રાષ્ટ્રીય કટોકટી, નાણાં પંચ, માહિતી આયોગ, RTI નિયમન અને ગગનયાન મિશન જેવા મહત્વના વિષયો આધારિત પ્રશ્નોને સ્થાન આપવામાં આવ્યું હતું.

પ્રશ્નપત્રમાં તથ્યાત્મક જ્ઞાનની સાથે વિષયની સમજશક્તિ ચકાસતા પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.પરીક્ષાના પ્રાથમિક વિશ્લેષણના આધારે નિષ્ણાતોએ અંદાજ વ્યક્ત કર્યો છે કે આ વખતની પરીક્ષાનું કટ-ઓફ 110 માર્ક્સની આસપાસ રહેવાની સંભાવના છે.

### ખોટા પરીક્ષા કેન્દ્ર પર પહોંચેલી વિદ્યાર્થિનીને પોલીસે સમયસર મદદ કરી

જીપીએસસી પ્રિલિમ્સ પરીક્ષા દરમિયાન રાંદેરના તાડવાડી વિસ્તારમાં આવેલી સ્વામિનારાયણ એચ.વી. વિદ્યાલય ખાતે એક વિદ્યાર્થિની ભૂલથી ખોટા પરીક્ષા કેન્દ્ર પર પહોંચી ગઈ હતી. પરીક્ષાનો સમય નજીક હોવાથી વિદ્યાર્થિની ચિંતિત બની હતી. આ અંગે જાણ થતાં ફરજ પર હાજર પોલીસ કર્મચારીઓએ તાત્કાલિક માનવતાભર્યો અભિગમ દાખવી સ્કૂલના સ્થાનિક સ્ટાફની મદદથી વિદ્યાર્થિનીને તેના સાચા પરીક્ષા કેન્દ્ર સુધી ઝડપથી પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. પોલીસ અને સ્કૂલ સ્ટાફની સમયસરની મદદને કારણે વિદ્યાર્થિની પરીક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચી શકી હતી અને તેને પરીક્ષા આપવા માટે કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નહોતો.

# SMCના ભ્રષ્ટ નિવૃત આસિ.ઈજનેરના એક દિવસના રિમાન્ડ

**ધરમપુરના** રસિક પટેલના ભ્રષ્ટાચારમાં ભાગીદાર અધિકારીઓની પણ તપાસ થશે

સુરતઃ ૭૦.૧૩ ટકા જેટલી અપ્રમાણસર મિલકત ધરાવતાં સુરત મહાનગરપાલિકાનાં ભ્રષ્ટ નિવૃત આસિસ્ટન્ટ ઈજનેર રસીકભાઈ મગનભાઈ પટેલને તેમના કાર્યકાળ દરમિયાન ઉપરી અધિકારી કે અન્ય કોઈ સાથી અધિકારીએ સીધી કે આડકતરી રીતે ભ્રષ્ટાચાર કરવામાં મદદગારી કરી હતી કે તેની તપાસ એસીબી પોલીસ કરશે. રૂ.૬૮,૯૮,૪૯૦ની અપ્રમાણસર મિલકત ધરાવતાં આરોપી રસીકભાઈ મગનભાઈ પટેલની ગઈકાલે એસીબીએ ધરપકડ કરી હતી. તેને આજે સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. બંને પક્ષને સાંભળ્યા બાદ કોર્ટે તેમના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ફરિયાદ પક્ષે સરકારી વકીલ નિતીન ચોડવડીયાએ હાજર રહી પોલીસ કસ્ટડી માટેનાં કારણો રજૂ કર્યા હતા.

### રિમાન્ડ અરજીમાં રજૂ કરાયેલા કારણો

(1) આરોપી તથા તેનાં પરિવારના નામે સુરત પીપલ્સ બેંક, સરદાર માર્કેટ શાખા, પુણા કુંભારિયા રોડ ખાતેના બેંકમાં લોકરની ઝડતી માટે આરોપીની હાજરીની જરૂર છે.
(2) આરોપીએ પોતાની નોકરીના સમયગાળા દરમિયાન અપ્રમાણસર મિલકત કેવી રીતે ખરીદી તેનો જવાબ ફક્ત આરોપી જ આપી શકે છે.
(3) આરોપીના બેંક સ્ટેટમેન્ટ આવક જાવકની એન્ટ્રીઓની વિગતો મેળવવાની બાકી છે.
(4) ઉપરી અધિકારી કે અન્ય કોઇ સાથી અધિકારીએ સીધી કે આડકતરી રીતે ભ્રષ્ટાચાર કરવામાં મદદગારી કરી છે કે કેમ ? તે તપાસ કરવાની બાકી છે.
(5) અન્ય કોઇ વ્યક્તિના નામે ગેરકાયદેસર રોકાણ અંગેની તપાસ કરવાની બાકી છે.

# અંકલેશ્વરનાં ભડકોદરામાં 30 વર્ષ જૂની જર્જરીત ટાંકી તૂટી પડી

**વાહનો** કચડાયા, મકાનની દિવાલ-છાપરાને નુકસાન

**સ્થાનિકોની** રજૂઆતો અવગણાઈ કરાઈ, પંચાયતની નિષ્કાળજી



અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના ભડકોદરા ગામમાં ગ્રામ પંચાયત સંચાલિત લગભગ 30 વર્ષ જૂની પાણીની વિશાળ ટાંકી અચાનક જમીનદોસ્ત થઇ ગઇ હતી. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં હડકપ મચી જવા પામી હતી.

આ ટાંકી લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતી. સિમેન્ટના પોપડા ખરી રહ્યા હતા અને લોખંડનો કાટમાળ સ્પષ્ટ દેખાતો હતો. સ્થાનિક લોકોએ અગાઉ અનેક વખત ગ્રામ પંચાયત અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓને લેખિત અને મૌખિક રજૂઆતો કરીને જાનમાલના જોખમથી અવગત કરાવ્યા હતા.

જોકે, સત્તાધીશોની ઘોર બેદરકારી અને આળસુ નીતિને કારણે આ રજૂઆતોને અવગણવામાં આવી હતી. ટાંકી પડવાનો ભયંકર અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો. સદનસીબે, ઘટના સમયે ટાંકીમાં પાણીનો જથ્થો ઘણો ઓછો હોવાથી પાણીના પ્રચંડ પ્રવાહથી મોટી તબાહી ટળી હતી અને કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, ટાંકી નીચે દબાઈ જવાથી ત્યાં પાર્ક કરેલા કેટલાંક વાહનો સંપૂર્ણપણે કચડાઈ ગયા છે તેમજ નજીકના મકાનોની દિવાલો અને છાપરાંને મોટું નુકસાન થયું છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે સમયસર કાર્યવાહી કરીને ટાંકી ઉતારી લેવામાં આવી હોત, તો આ આર્થિક નુકસાન અને ભયનો માહોલ ટાળી શકાયો હોત. ઘટના બાદ પ્રશાસનમાં હડકંપનો માહોલ છે, પરંતુ હજુ સુધી કોઈ અધિકારી પર કાર્યવાહી થઈ નથી.



# 15 જૂને 1,111 ટ્રેક્ટર સાથે ખેડૂતો ગાંધીનગર કૂચ કરશે

**વીજ** ટ્રાન્સમિશન લાઈન, દેવા નાબૂદી અને જમીન સહિતના પ્રશ્નોને લઈ 15 જૂને 'ખેડૂત અધિકાર યાત્રા'નો સંગ્રામ

**'જાન દેંગે** જમીન નહીં'ના નારા સાથે દક્ષિણ ગુજરાતના આગેવાનોની સુરતના ઓરમા ગામે બેઠક યોજાઈ

સુરતઃ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પસાર થતી પાવરગ્રીડની કોર્પોરેટના લાભાર્થવાળી હાઈ વોલ્ટેજ વીજ ટ્રાન્સમિશન લાઈનોના મુદ્દે ખેડૂતોમાં વધતી જતી નારાજગી વચ્ચે કિસાન સંઘર્ષ સમિતિ, કિસાન કોંગ્રેસ અને ખેડૂત સમાજ ગુજરાતના સંયુક્ત નેજા હેઠળ આગામી 15 જૂનના રોજ ભવ્ય 'ખેડૂત અધિકાર યાત્રા' યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યના આશરે 20થી 25 જિલ્લાઓમાંથી ખેડૂતો ટ્રેક્ટરો સાથે ખેડૂતો ગાંધીનગર સુધી કૂચ કરીને સરકાર સમક્ષ પોતાની વિવિધ માંગણીઓ રજૂ કરશે.

દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા)ના જણાવ્યા અનુસાર પાવરગ્રીડ કોર્પોરેશન દ્વારા અનેક વિસ્તારોમાં ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવ્યા વિના અથવા ખૂબ ઓછા વળતરની શરતે વીજ ટ્રાન્સમિશન લાઈનોનું કામ કરવામાં આવી રહ્યું છે. ખેડૂતોનો આક્ષેપ છે કે અધિકારીઓ ખેડૂતોની સંમતિ વિના પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી કરી રહ્યા છે, જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે ટ્રાન્સમિશન લાઈનનો મુદ્દો માત્ર એક જ પ્રશ્ન નથી, પરંતુ ખેતી અને ગ્રામ્ય અર્થતંત્ર સાથે સંકળાયેલા અનેક પ્રશ્નો લાંબા સમયથી ઉકેલની રાહ જોઈ રહ્યા છે. તેના અનુસંધાનમાં 6 જૂનના રોજ સુરત જિલ્લાના ઓરમા ગામે દક્ષિણ ગુજરાતના ખેડૂત આગેવાનોની વિશેષ બેઠક મળી હતી.

આ બેઠકમાં કિસાન કોંગ્રેસના પ્રમુખ જયેશભાઈ પટેલ (પાલ), દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા), ખેડૂત સમાજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ કરમરિયા, સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલભાઈ પટેલ, ખેડૂત આગેવાન દર્શનભાઈ નાયક, સહકારી આગેવાન વલ્લભભાઈ પટેલ, માંગરોળ તાલુકા ખેડૂત સમાજના પ્રમુખ દિનેશસિંહ, રતિલાલ મીંઢી તથા ઓલપાડ તાલુકા ખેડૂત સમાજના પ્રમુખ કેતનભાઈ દેસાઈ સહિત મોટી સંખ્યામાં ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની દ્વારા યોજાયેલી

# AIBE-21માં પરીક્ષાર્થીઓને ઝેરોક્ષ સાથે બેસતાં અટકાવ્યાં

**કામરેજ**-રાજકોટ કેન્દ્રમાંથી ફોન આવતાં બીસીજી સભ્ય ઝકી શેખે તુરંત બીસીઆઈને રજૂઆત કરી

**સામાન્ય** પરિવારનાં પરીક્ષાર્થીઓ મોંઘાદાટ પુસ્તકની ઝેરોક્ષ કરાવીને લાવ્યાં હતાં

**ઝકી** શેખની રજૂઆત બાદ બીસીઆઈ ચેરમેન મનનકુમાર મિશ્રાએ પરીક્ષાર્થીઓને ઝેરોક્ષ સાથે બેસવા દેવાયા

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલી AIBE-21 પરીક્ષામાં સુરત તથા રાજકોટ ખાતેના પરીક્ષા કેન્દ્રો પર કેટલાંક પરીક્ષાર્થીઓને પુસ્તકની ઝેરોક્ષ (કોપી) સાથે બેસવા નહીં દેવાતાં બીસીજી સભ્ય ઝકી મુખ્તીયાર શેખે તાત્કાલિક બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનનકુમાર મિશ્રાને રજૂઆત કરતાં તરત જ આ પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્ર પર ઝેરોક્ષ કોપી સાથે બેસવા દેવામાં આવ્યાં હતા.

ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશનએ સમગ્ર ભારત સ્તરની ક્વોલિફાઈંગ પરીક્ષા છે, જે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવે છે. કાયદાની ડિગ્રી (LL.B.) પૂર્ણ કર્યા પછી અને સ્ટેટ બાર કાઉન્સિલમાં નોંધણી કરાવ્યા બાદ વકીલ તરીકે કોર્ટમાં પ્રેક્ટિસ કરવા માટે આ પરીક્ષા પાસ કરવી જરૂરી છે. આ પરિક્ષા ઓપન બુક એક્ઝામ હોય છે. સુરતનાં કામરેજ ખાતેની લો કોલેજ જે પરીક્ષાનુ કેન્દ્ર હતું ત્યાં આજે બપોરે યોજાયેલી આ પરિક્ષામાં પરીક્ષાર્થીઓને ઝેરોક્ષ કોપી સાથે પ્રવેશ આપવાની ના પાડવામાં આવતાં આ પરીક્ષાર્થીઓએ બીસીજી સભ્ય ઝકી શેખનો સંપર્ક કરી પરીક્ષામાં બેસવા દેવાની અનુમતિ નહીં આપતા હોવાની ફરિયાદો કરી હતી. આ અંગે બીસીજી સભ્ય ઝકી શેખે જણાવ્યું હતું કે સુરત (કામરેજ) તથા રાજકોટ ખાતેથી વ્યાપક ફરિયાદ મળી હતી.

સામાન્ય ગરીબ પરિવારનાં પરીક્ષાર્થી બુક ખરીદી શકતાં ન હોય તેઓ ઝેરોક્ષ કરાવતાં હોય છે. આ અંગે તરત જ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનનકુમાર મિશ્રાને રજુઆત કરવામાં આવતાં આ રજૂઆતને ગંભીરતાથી લઈ સંબંધિત પરીક્ષા કેન્દ્રોને તાત્કાલિક સૂચના આપી, જેના પરિણામે પરીક્ષાર્થીઓને ઝેરોક્સ નકલ સાથે પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવી હતી. આ નિર્ણયના કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પોતાની AIBE-21 પરીક્ષા આપી શક્યા હતા.

# સ્મીમેરમાંથી રૂપિયા ૩૫ હજારના એસી પાર્ટની ચોરી

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાંથી એસી મશીનનો કિંમતી પાર્ટ ચોરાઈ જવાની ઘટના સામે આવી છે. હોસ્પિટલમાં એસી રીપેરીંગનું કામ કરતા ટેકનિશિયનની નજરે આ ચોરી ચઢતા તેમણે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ વરાછા પોલીસ મથકમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. સચીન વિસ્તારની વીર રેસિડેન્સીમાં રહેતા અને વરાછાની પ્રણામ કંપનીમાં નોકરી કરતા હર્ષલભાઈ દીપકભાઈ પવાર (ઉ.વ. ૨૫) છેલ્લા એકાદ મહિનાથી સ્મીમેર હોસ્પિટલ મેડિકલ કોલેજમાં એસી સર્વિસિંગનું કામ કરી રહ્યા છે. ગઇ તારીખ ૦૨/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના આશરે બે વાગ્યે તેઓ તેમના સાથી કર્મચારી નીવકુમાર સાથે હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડના ગ્રાઉન્ડ ફ્લોર પર એસી સાફ કરવા ગયા હતા. તે દરમિયાન એસી સાથે કનેક્ટેડ VFD AC મોટર સ્પીડ કંટ્રોલર ગાયબ હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું. કાળા કલરના આ સ્પીડ કંટ્રોલરની તપાસ કરવા છતાં તે મળી આવ્યું ન હતું.

પ્રવેશોત્સવ બનશે 'હેલ્થોત્સવ'

# 13.13 લાખ વિદ્યાર્થીઓની વર્ગમાં જ આરોગ્ય તપાસ

**વિટામિન-A,** આયર્ન, ORS સહિતની દવાઓનું સ્થળ પર જ વિતરણ

સુરતઃ આગામી 18, 19 અને 20 જૂન દરમિયાન યોજાનારા 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ'ને આ વખતે આરોગ્યલક્ષી અભિયાન સાથે જોડવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (SH-RBSK) હેઠળ રાજ્યભરના જન્મથી 18 વર્ષ સુધીના બાળકોની શાળાના વર્ગખંડમાં જ મફત આરોગ્ય તપાસ કરવામાં આવશે. જેના કારણે પ્રવેશોત્સવ માત્ર શૈક્ષણિક કાર્યક્રમ નહીં, પરંતુ બાળકો માટે એક વિશાળ 'હેલ્થોત્સવ'બની રહેશે.

રાજ્યમાં 8 જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. બાલવાટિકાથી લઈને ધોરણ-12 સુધીના અંદાજે 13.13 લાખ વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ કરશે. આ વિદ્યાર્થીઓના આરોગ્યની નિયમિત ચકાસણી માટે તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાઓમાં મોબાઈલ હેલ્થ ટીમ તૈનાત કરવામાં આવશે.

આરોગ્ય તપાસ દરમિયાન બાળકોમાં '4D'એટલે કે ડેવલપમેન્ટલ ડીલે (વિકાસમાં વિલંબ), ડેફિસિયન્સી (પોષણની ઉણપ), ડિસીઝ (બીમારીઓ) અને ડિસેબિલિટી (જન્મજાત ખામી) અંગે વિશેષ ચકાસણી કરવામાં આવશે. જરૂરિયાત ધરાવતા બાળકોને સ્થળ પર જ સારવાર અને માર્ગદર્શન આપવામાં આવશે, જેથી વાલીઓને હોસ્પિટલોના ધક્કા ન ખાવા પડે.

કેમ્પ દરમિયાન બાળકોને વિટામિન-A સિરપ, આયર્નની ગોળીઓ, આલ્બેન્ડાઝોલ, ORS અને ઝિંકની ગોળીઓ વિનામૂલ્યે આપવામાં આવશે.

ઉપરાંત તમામ તપાસનો ડેટા રિયલ ટાઈમમાં 'ટેકો પોર્ટલ'પર અપલોડ થશે, જે 'સર્વ શિક્ષા અભિયાન'(SSA) સાથે સંકલિત રહેશે.

# એક્સપ્રેસ હાઈવે પર અકસ્માતમાં 4 નાં મોત

**મૃતકો** વડોદરાના ગોત્રી અને અનપાળના લોકોનો સમાવેશ

(પ્રતિનિધિ), વડોદરા. તા.7: વડોદરા જિલ્લાના સમિયાલા ગામ પાસેથી પસાર થતા નવનિર્મિત દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર આજે એક અત્યંત હૃદયદ્રાવક અને ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલી એક ઈકો વાન ને અજાણ્યા વાહનની ટક્કરે આગળ જઈ રહેલા ટ્રેલરના પાછળના ભાગે ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો પ્રચંડ હતો કે ઈકો કારનો કચરઘાણ નીકળી ગયો હતો અને કારના પતરા ચીરીને અંદર બેઠેલા મુસાફરો ફસાઈ ગયા હતા. આ અકસ્માતને પગલે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો થંભી ગયા હતા અને ઘટનાસ્થળે કાળજું કંપાવી દે તેવી ચીસાચીસ ગુંજી ઉઠી હતી.

આ કાળમુખી ઈકો વાનમાં અંદાજે આઠ જેટલા લોકો સવાર હતા. આ તમામ મુસાફરો વડોદરાના ગોત્રી વિસ્તારના તેમજ અનપાળના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. હાઈવે પર સર્જાયેલા આ કાળના તાંડવમાં ઘટનાસ્થળે જ ચાર વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે કારમાં સવાર અન્ય ચાર વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો અને રાહદારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી અને લોહીલુહાણ હાલતમાં ફસાયેલા લોકોને કારના પતરા તોડીને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાની ટીમ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ઈજાગ્રસ્તોની ગંભીર હાલતને જોતા તેમને તાત્કાલિક ગોત્રી GMERS હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું કહેવાય છે. સ્થાનિક પોલીસની ટીમે સ્થળ પર પહોંચીને મૃતદેહોને પીએમ અર્થે ખસેડવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### મૃતકોની યાદી

(1) ગૌરીબેન રમેશભાઈ સોલંકી
(2) દલપત ડાહ્યાભાઈ મેવાડા
(3) નરેન્દ્રસિંહ લાલજીભાઈ રાઠોડ
(4) પ્રહલાદ ઉર્ફે પ્રકાશ ભોગેશ્વર બારડ

### ઇજાગ્રસ્તો

(1) કનુભાઈ અંબાલાલ મેવાડા
(2) રમેશભાઈ ડાહ્યાભાઈ સોલંકી
(3) લક્ષ્મીબેન મગનભાઈ સોલંકી
(4) ધર્મિષ્ઠાબેન પ્રકાશભાઈ બારડ

# મિત્રની બર્થે ડેનું કહી ફિલ્મ જોવા ગયેલા યુવાનનું મોત

**ONGC** બ્રિજ પાસે ભેંસ વચ્ચે આવી જતા અકસ્માત સર્જાયો

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની રોહન શિવપૂજન સિંગ (ઉં.વ.25) હાલમાં સચિન વિસ્તારમાં આવેલા તિરુપતિ બાલાજી સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. તે સચિન વિસ્તારમાં ભાઈ સાથે ચાની દુકાન ચલાવતો હતો.

શનિવારે રાત્રે રોહન તેના અન્ય સાત જેટલા મિત્રો સાથે મૂવી જોવા જવાનું નક્કી કર્યું હતું. તે માટે રોહને તેના ઘરમાં મિત્રનો જન્મદિવસ હોય અને ઉજવણી કરવા જવાનું ખોટું બોલીને નીકળ્યો હતો. સાતેય મિત્રો સિટી પ્લસ થિયેટરમાં પીક્રી નામનું મૂવી જોઈને મધરાત્રે બે વાગ્યાના સુમારે ઘરે પરત આવી રહ્યા હતા. ત્યારે અનિલ નામનો મિત્ર મોપેડ ચલાવી રહ્યો હતો અને રોહન પાછળ બેઠો હતો. તે સમયે ONGC બ્રિજ આભવા તરફ ઊતરતી વખતે ભેંસ આવી ગઈ હતી. જેથી અનિલે મોપેડના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધું હતું અને ભેંસને ઠોકી દીધી હતી. જેમાં રોહનને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

# 7 દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય

**દક્ષિણ** ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી

**આજે** સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં વરસાદ પડી શકે

અમદાવાદ : રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન હવામાન મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહ્યું હતું, જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં તાપમાન સામાન્ય સ્તરે નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા ન હોવાનું જણાવ્યું છે. અમદાવાદમાં આવતીકાલે આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જો કે આજે દિવસ દરમિયાન બફારો રહ્યો હતો.

| | |
|---|---|
| 42 ડિગ્રી<br>અમદાવાદ | 41 ડિગ્રી<br>સુરેન્દ્રનગર |
| 41 ડિગ્રી<br>ભાવનગર | 41 ડિગ્રી<br>ગાંધીનગર |
| 41 ડિગ્રી<br>રાજકોટ | 40 ડિગ્રી<br>વડોદરા |

# માત્ર 13 વર્ષના બાળક પાસે 12 કલાક સિલાઈકામ કરાવાતું હતું

**વરાછાના** કારખાનામાં અને લિંબાયતની હોટલમાં શ્રમ વિભાગના દરોડા

**માલિક** અને કારખાનેદાર સહિત ત્રણ સામે ફરિયાદ

**12 વર્ષનો** બાળક હોટલમાં કચરાપોતા અને ટેબલ સાફ કરતો હતો

સુરતઃ શ્રમ અધિકારીની ટીમે વરાછા અને લિંબાયત વિસ્તારમાં આવેલા બે એકમો પર ઓચિંતા દરોડા પાડીને નિર્દોષ બાળશ્રમિકોને નરક સમાન મજૂરીમાંથી મુક્ત કરાવ્યા હતા. માસૂમ બાળકો પાસે કાયદા વિરુદ્ધ મજૂરી કરાવવાના ગુનામાં લિંબાયતના હોટેલ માલિક અને વરાછાના કારખાનેદાર સહિત ત્રણ ઈસમ સામે પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બાળમજૂરી નાબૂદી ઝુંબેશ હેઠળ સરકારી શ્રમ અધિકારીની ટીમે વરાછાના મારૂતિ ચોક પાસે આવેલી ભરત નગર સોસાયટીના પ્લોટ નંબર ૩૩માં કાર્યરત સિલાઈકામના એકમ પર ઓચિંતી રેડ કરી હતી. શ્રમ વિભાગની આ તપાસ દરમિયાન કારખાનામાંથી કુલ ૪ બાળ અને તરુણ શ્રમિકો મળી આવ્યા હતા.

ચોંકાવનારી બાબત એ છે કે, આ પૈકીનો એક માસૂમ બાળશ્રમિક માત્ર ૧૩ વર્ષ અને ૯ મહિનાનો હતો, જેની પાસે સવારે ૮ વાગ્યાથી લઈને રાત્રે ૮ વાગ્યા સુધી (૧૨ કલાક) હેલ્પર તરીકે કાળી મજૂરી કરાવવામાં આવતી હતી.

આ મામલે શ્રમ વિભાગે જગ્યા ભાડે રાખીને સિલાઈનું કારખાનું ચલાવતા ભાડુઆત બબલુ શ્યામનારાયણ યાદવ તેમજ ભાડા કરાર વિના જ જગ્યા આપનાર મકાન માલિક વિનુ કરમશી શનેરા વિરુદ્ધ વરાછા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે.

બીજા કિસ્સામાં શ્રમ અધિકારીની ટીમે લિંબાયતમાં મદીના મસ્જિદની સામે આવેલી 'સલમાન આમલેટ સેન્ટર' નામની હોટેલ પર દરોડો પાડ્યો હતો.

હોટેલમાં ચાલતી તપાસ દરમિયાન ત્યાંથી બે બાળ-તરુણ શ્રમિક મળી આવ્યા હતા. જેમાં આશરે ૧૨ વર્ષ અને ૧૧ મહિનાની અત્યંત નાની ઉંમરનો બાળક હોટેલમાં હેલ્પર તરીકે કામ કરતો હોવાનું ખુલ્યું હતું. હોટેલ માલિક શબ્બીર ઉમરજી પટેલ આ માસૂમ બાળક પાસે મજૂરી કરાવી તેનું આર્થિક અને શારીરિક શોષણ કરી રહ્યો હતો. શ્રમ વિભાગની ફરિયાદના આધારે લિંબાયત પોલીસે હોટેલ સંચાલક શબ્બીર ઉમરજી પટેલ વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન

... પાના છેલ્લાનું

### વરાછામાં ટાંકી...

ઘટના બની હોવાનું અનુમાન છે. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ ચકાસી જવાબદારી નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### સુપરવાઈઝર ફાયરને...

જતા સ્મીમેર હોસ્પિટલમાં ચર્ચાનો વિષય બન્યો હતો. મૃતક નિલેશ અમરેલી સાવરકુંડલાનો વતની હતો અને તેને બે સંતાન હતા.

### સાયણમાં આગથી...

યાર્નનો સ્ટોક જમા રાખતા હતાં. જ્યારે ફેક્ટરીનાં ટેરેસ ઉપર કારીગરોને રહેવા માટે રૂમ બનાવી હતી. આ ફેક્ટરીમાં રવિવારે સવારે ફેક્ટરીના પહેલા માળ ઉપર ભરેલા યાર્નનાં સ્ટોકમાં અચાનક આગ ભભૂકી હતી. જેથી આગમાંથી નીકળતો ધુમાડાનાં ગોટા ટેરેસની ઉપરના ભાગે પહોંચતા રૂમમાં ફસાયેલા કારીગરોએ પોતાની જાન બચાવવા પાછળના ભાગે આવેલી એક અન્ય ફેક્ટરીની છત પર પહોંચી સીડી વાટે ઉતરી નીચે આવી જતાં તમામ કારીગરોનો આબાદ બચાવ થયો હતો. જો કે આગ દુર્ઘટનાની જાણ થતાં સુરત ફાયર સ્ટેશનમાં કોલ કરાયો હતો. જેથી સાયણ આઉટ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ ફાયર સ્ટેશનને કોલ થકી સૂચવેલી આગ દુર્ઘટનાનાં લોકેશનમાં ફેરફાર હોવાથી ફાયર બ્રિગેડના જવાનોની બે ટીમ ઘટના સ્થળે થોડીક મોડી પહોંચી હતી.

### લાઈફ લાઈન...

હોસ્પિટલ શરૂ કરવા માટે અડાજણ હેલ્થ કેર પ્રા.લિ. કંપની બનાવી હતી. જેમાં તમામ ભાગીદારોએ રૂ. ૧૩ થી ૧૪ લાખ કાઢ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૨૧ માં કંપનીના બે ડિરેક્ટરો રામચંદ્ર પટેલ અને અરવિંદકુમાર પટેલે રાજીનામું આપ્યું હતું. તેમના હિસ્સાના શેર બાકીના ચાલુ ડિરેક્ટરો વચ્ચે સરખે હિસ્સે વહેંચવાના હતા. આ માટે ડો. નૈનેશ, ડો. રાજીવ અને ડો. અંકુરે મળીને કુલ રૂ. ૧૬,૯૯,૦૦૦ (પ્રતિ ડિરેક્ટર રૂ. ૫,૬૪,૦૦૦) બેંક મારફતે રાજીનામું આપનાર ડિરેક્ટરોને ચૂકવી આપ્યા હતા.

### નાસીરનગરના...

પોલીસે દમ મારી લીધો છે. નાસીરનગરના ડિમોલિશનમાં અનેક સવાલો છે. પહેલો સવાલ છે કે કોર્પોરેશનના ઝોનલ ઓફિસર કક્ષાના અધિકારીઓ હાજર હતા અને ડિમોલિશન થતું હતું તો શું તેમના ધ્યાનમા આવ્યું જ નહીં કે કોણ ડિમોલિશન કરી રહ્યું છે? બીજો સવાલ એ છે કે જેની જવાબદારી આતંકવાદીઓને પકડવાની અથવા સ્પેશિયલ ઓપરેશન કરવાની છે તેવી એસઓજી શા માટે બંદોબસ્તમાં પહોંચી? સામાન્ય રીતે પોલીસ બંદોબસ્ત સ્થાનિક પોલીસ સ્ટેશનનો જ હોય તો પછી એસઓજીનું શું કામ હતું? કહે છે કે ખરી ખેલ તો નાસીરનગરની બાજુમાં આવેલી જગ્યા માટે ખેલાયો છે. આ જગ્યાના રસ્તા ખુલે તે માટે જ નાસીરનગરના ડિમોલિશનનો ખેલ કરાયો છે ત્યારે આગામી દિવસોમાં વધુ ચોકાવનારી વિગતો બહાર આવશે તે ચોક્કસ છે.